# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-01-2026 Day: Monday Morning : 6.40 to 6.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે 2014 થી રમતગમતમાં ભારતનું પ્રદર્શન સતત સુધર્યું છે. ગઈકાલે ઉત્તર પ્રદેશના વારાણસીમાં 72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વરર્યુઅલી ઉદ્ઘાટન કરતા તેમણે જણાવ્યું હતું કે ભારત 2036 ઓલિમ્પિક રમતોનું આયોજન કરવા માટે એક મજબૂત દાવેદાર છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે તેમની સરકારે રમતગમત ક્ષેત્રમાં અનેક સુધારાઓ લાગુ કર્યા છે, જેમાં રાષ્ટ્રીય રમતગમત શાસન અધિનિયમ અને ખેલો ઇન્ડિયા નીતિનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------------

## ચોખાના ઉત્પાદનમાં દેશ મોખરે:

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે માહિતી આપી છે કે, ભારત સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બન્યો છે. 2025ના વર્ષમાં ભારતનું ચોખાનું ઉત્પાદન 150 મિલિયન ટનથી વધુ થયુ છે. ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા વિકસિત સુધારેલી ગુણવત્તાવાળી 25 પાકોની 184 નવી જાતોના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી ચૌહાણે કહ્યું કે ભારતે ચોખાના ઉત્પાદનમાં ચીનને પાછળ છોડી દીધું છે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીનગર-ટાઈફોઈડની સ્થિતિ અંગે યુધ્ધના ધોરણે કામગીરી કરવા આદેશ:

ગાંધીનગરમાં પાણીજન્ય ટાઇફોઇડની સ્થિતિ અંગે કેન્દ્રીય મંત્રી અમિત શાહે યુદ્ધના ધોરણે કામગીરી કરવા તંત્રને આદેશ આપ્યા છે. તેમણે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, જિલ્લા કલેકટર તેમજ મ્યુનિસિપલ કમિશ્નર સાથે ચર્ચા કરી જરૂરી સૂચનો પણ આપ્યા છે. શ્રી શાહે દર્દીઓને નિષ્ણાંત તબીબો દ્વારા ઝડપી અને સચોટ સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા અને હોસ્પિટલમાં સગાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવા પણ સૂચના આપી છે.

આ ઉપરાંત તેઓએ લીકેજના તાત્કાલિક સમારકામ અને રોગનો ફેલાવો અટકાવવા આસપાસના વિસ્તારોમાં પાઇપલાઇનની સઘન ચકાસણીના પણ આદેશ આપ્યા છે.

---

## પોલીસ ભરતી માટે પુર્વ કચ્છ પોલીસ દ્વારા તાલીમ:

**ગુજરાત પોલીસ ભરતીની પરીક્ષા માટે તૈયારી કરતા ઉમેદવારો માટે ખાસ નિયમિત રનિંગ પ્રેક્ટિસ, ફિટનેસ તાલીમ તેમજ અન્ય ભરતીલક્ષી યોગ માર્ગદર્શન આપવા માટે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા શિણાય હેડ ક્વાર્ટર ખાતે આયોજન કરાયું છે, જેમાં રનિંગ માટે ખાસ ટ્રેક વિકસાવવામાં આવ્યો છે. ખાસ તાલીમ પામેલા પોલીસના ડ્રીલ ઇન્સ્ટ્રક્ટર દ્વારા વિનામૂલ્યે ઉમેદવારોને તાલીમ અપાશે.**

**દરરોજ સવારે છથી નવ વાગ્યા સુધી યુવકો, યુવતીઓને માર્ગદર્શન અપાશે. આ માર્ગદર્શન તાલીમનો લાભ લેવા પોલીસે ઉમેદવારોને અપીલ કરી છે.**

---

## વાગડ વિસ્તાર વાવેતરમાં મોખરે:

સારો અને સાતત્ય સભર વરસાદ, સિંચાઈ માટે કેનાલની સુવિધાથી વાગડ વિસ્તાર આ વર્ષે પણ વાવેતરમાં આગળ રહ્યું છે. રાપરમાં જીરું, રાઈ, ઘઉં અને વરિયાળીનું વિક્રમજનક

વાવેતર કરવામાં આવ્યું છે. આખા કચ્છમાં થયેલું રવી સિઝનના વાવેતરમાં એકલાં રાપર તાલુકામાં 40 ટકા વાવેતર થયુ છે.

ખેતીવાડી ખાતાં દ્વારા મળેલી માહિતી મુજબ કચ્છમાં થયેલા 1,84,953 હેક્ટરમાંથી રાપર તાલુકામાં 71,700 હેક્ટર જમીનમાં રવી પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ રાપર તાલુકામાં જીરું 39,315, રાઈ 9,165, ઘઉં 7,950, ઈસબગુલ 3,775, વરિયાળી 2,655, અજમો 1,085, શાકભાજી 640, રંજકો 620 સહિત 26,068 હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કરવામાં આવ્યું છે. વાગડનાં રાપર તાલુકામાં અત્યારે ખેતરો જીરું, રાયડો, ઘઉં, વરિયાળી જેવા પાકોથી લહેરાઈ રહ્યા છે. રાપરનાં પ્રાંથળ અને ખડીરનું જીરું ઉચ્ચ ગુણવત્તાવાળું હોવાથી તેનાં ભાવ પણ સારા આવતાં હોય છે, ત્યારે બજારમાં રોનક આવવાની આશા વેપારીઓ અને ખેડૂતો સેવી રહ્યા છે.

---

## બિદડા-સર્વોદય ટ્રસ્ટ-વેલનેસ વિલેજની નેમ:

બિદડા સર્વોદય ટ્રસ્ટ પાંચ દાયકા કરતાં વધુ સમયથી કચ્છમાં આરોગ્ય સેવા ક્ષેત્રે કાર્યરત હોવા સાથે પ્રાકૃતિક ચિકિત્સા ક્ષેત્રે પણ દૃષ્ટાંતરૂપ કાર્ય કર્યું છે, ત્યારે આવનારા સમયમાં બિદડાને સહિયારા પ્રયાસોથી વેલનેસ વિલેજ બનાવવાની નેમ વ્યક્ત કરવામાં આવી હતી. બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે બાવનમા સર્જિકલ અને મેડિકલ કેમ્પના પ્રારંભ પ્રસંગે આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં સહયોગી બનનાર દાતાઓનાં યોગદાનને બિરદાવાયું હતું.આ પ્રસંગે બિદડા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા 7 કરોડ 43 લાખનું દાન આ કાર્યક્રમ દરમિયાન અર્પણ કરાયું હતું. આ ઉપરાંત રોબેટિક રિહેબિલિ ટેશન સેન્ટર આગામી ઓગષ્ટ સુધી કાર્યરત થવાની આશા વ્યક્ત કરી હતી

---

## હવામાન:

આગામી દિવસોમાં રાજ્યના લોકોને ઠંડીથી આંશિક રાહત મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની સંભાવના છે. રાજ્યમાં ગઈકાલે નોંધાયેલા તાપમાનની વાત કરવામાં આવે તો 8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ ઉષ્ણતામાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ બન્યું. તો ભુજ ખાતે 11.2 અને અંજાર ગાંધીધામ ખાતે 9.6 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું.

---------------------------------------------------------------------------------------------------